સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

**ધારાસભામાં સંખ્યા ઘટી સિંહોની, કોણ જવાબદાર?
ગર્જના થઇ ગઇ બંધ સિહોની, કોણ જવાબદાર?
ને ફેરવાઇ ડણક ડૂસકામાં - કોણ જવાબદાર?
બૃહન્નલા-અર્જૂન, અશક્તિ-સિંહો, કોણ જવાબદાર?
(સિંહોની ચિંતાજનક સ્થિતિ)**

**તાંબ્રિક પાંડે,
પાડે ઉડતાં પંખી -
કરે છે રાજ..
(અંધશ્રધ્ધા ની ગિલ્લોલે)**

**ખેંચી નાખશે -
લોકપાલ નિમણૂંક -
ચૂંટણી સુધી..
(આમ ને આમ)**

હાઈકુ

ચિંતન

**જાનન્તિ પશવો ગંધાદ્ધેદાજાનન્તિ પંડિતાઃ ।
ચારાજર્નન્તિ રાજાનશ્ચક્ષુર્ભ્યામિતરે જનાઃ ॥**

'પશુઓ પોતાના નાક દ્વારા - સૂંઘી સૂંઘીને વસ્તુ સારી-ખરાબ, ખાદ્ય-અખાદ્ય ને ઓળખીને જાણે છે. પંડિતો વેદના જ્ઞાનના આધારે શાસ્ત્ર નિર્ણયથી બાબતની સારાસર બાબતનો નિર્ણય લે છે, રાજાઓ પોતાના ગુપ્તચરો-જાસૂસો દ્વારા પોતાના રાજયની ગતિવિધિ જાણે છે; અને બાકીના સામાન્ય માણસો પોતાની આંખે જે જૂએ છે તે પરથી સત્યાસત્યનો નિર્ણય કરે છે.'

પશુઓની ઘ્રાણેન્દ્રિય ખૂબ જ સતેજ હોય છે તે સૂંઘીને વસ્તુ સારી-ખરાબ, ખાવાલાયક કે અખાદ્ય છે એ નક્કી કરી શકે છે. ડુંગળી-તમાકુ જેવી વસ્તુઓ ગાય-ગધેડાં પણ નથી ખાતાં - ઇશ્વરે એમને કેવી સમજ આપી છે?!

પંડિતો વેદ અને શાસ્ત્રોના અભ્યાસ પછી સાચા-ખોટાંનો વિવેક અને રીતભાત જાણે છે. વર્તણૂંક અને આચરણ કરતાં જાણે છે. જીવનના હેતુ-ધ્યેય અને લક્ષ્યોને પ્રાપ્ત કરવાની રીત જાણે છે.

રાજાઓની સફળતા તેના ગુપ્તચરો પર આધારિત છે, આજે બોમ્બ બ્લાસ્ટ થયા પછી જ ગુપ્તચરો કહેતા હોય છે કે અમને ખબર હતી અને રાજાઓનું ધ્યાન દોર્યું હતું.

સામાન્ય પ્રજા પોતાની નરી આંખે જે જૂએ છે તેના પરથી સત્યાસત્યનો નિર્ણય કરે છે.

સુવિચાર

- **દોડવું નકામું છે, મુખ્ય વાત તો સમયસર નીકળવું એ જ છે - બી. શાંતે**
- **આંખ માટે જેટલું પ્રકાશનું મહત્ત્વ છે, કેફસાંને માટે જેટલું હવાનું તેમ હૃદય માટે જેટલું પ્રેમનું મહત્ત્વ છે એટલું માનવ-આત્મા માટે સ્વાતંત્ર્યનું મહત્ત્વ છે - હગર સોલ**
- **જરૂરિયાત-એ શોધની જનની છે - આલ્કોટ**
- **જરૂરિયાત કોઇ કાયદાને જાણતી નથી - ઓગસ્ટિન**
- **કીર્તિ એ વીરતા ભર્યા સાહસિક કર્મોની સુવાસ છે - સોક્રેટિસ**
- **દરેક વ્યક્તિ સમાજ સુધારવાની વાત કરે છે પણ પોતાની જાતને સુધારવા કોઇ ચિંતા કરતું નથી - ટોલ્સટોય**
- **જીવન બદલવાની જરૂર નથી જીવન તરફ જોવાનો તમારો દૃષ્ટિકોણ માત્ર બદલો - એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

ભાઇ-બહેનનો નિર્દોષ-નિઃશ્વાર્થ-નિખાલસ પ્રેમ અદ્‌ભૂત અને અવર્ણનીય છે.

એક તરૂણ વયનો ભાઇ પોતાનાથી એકાદ વર્ષ નાની બહેનને લઇ બજારમાં ફરવા નીકળ્યો.

ચાલતાં ચાલતાં તૈયાર કપડાંના એક શોરૂમ પાસેથી પસાર થયા. એક સુંદર પૂતળી જેવી સ્ત્રી એક ડ્રેસ પહેરી શોરૂમમાં ગોઠવાયેલી હતી. બહેનને તેણીને માથે સ્ત્રીઓ પહેરે એવી સુંદર ટોપી (હેટ) પહેરી હતી બહેનને એ ખૂબ ગમી ગઇ. ભાઇને કહ્યું, મને આ ટોપી ખરીદીને અપાવ ને! બહેન લૂબ્ધ નજરે ટોપીને જોઇ જ રહી - ભાઇ દુકાનદાર ને ટોપીની કિંમત પૂછવા લાગ્યો.

દૂકાનદારે કિંમત કહી. ભાઇએ પોતાના ખિસ્સામાં જેટલા પૈસા હતા તે ગણી જોયા. બહુ જ થોડા પૈસા ઓછાં હતા. દૂકાનદારને કિંમત ઓછી કરવા કહ્યું પણ એ ટસનો મસ ન થયો.

ભાઇએ બહેનને કહ્યું તું ઘેર જા હું એકાદ કલાકમાં જ આ ટોપી લઇને ઘેર આવું છું.

ભાઇ દોડતો કોઇ કામની શોધમાં ગયો. એક વીશી પાસે ઘોડેસ્વાર ઊભો હતો. આજુબાજુ કંઇ શોધતો હતો. ભાઇએ પૂછ્યું શું શોધો છો? ઘોડેસ્વાર કહે તું થોડીવાર આ ઘોડો પકડી રાખ હું જમીને આવું.

ભાઇને મજૂરી મળી ગઇ. ટોપી લઇને જે ઘરે ગયો. આ ભાઇ તે જયોર્જ સ્ટીવન્સન - વરાળ - યંત્ર - ઇન્જીનનો શોધક વૈજ્ઞાનિક.

એક પછી એક વિચિત્ર સપનાંઓથી કંટાળી એ બેઠી થઇ, સામે લટકતી ઘડિયાળ સામે નજર પડી, છ વાગી ગયા હતા, કોલેજમાં સાત વાગે પહોંચવાનું હતું, એ સફાળી બેઠી થઇ

સંગનો સાથ - સં-વેદના
- જય ગજજર

કેલીએ આંખો ખોલી અને બંધ કરી.

આજે સપનાંની વણઝાર ચાલતી હતી. ખબર નહીં કેમ એક પછી એક આટલાં બધાં સપનાં આવી રહ્યાં હતા. અને તે પણ વિચિત્ર! પશુઓ અને પંકીઓની પ્રેમલીલાનાં સપનાં! છેલ્લે ડેડીને ચોડી ચાલી ગયેલ માનું સપનું. શો સંબંધ હતો આ વિચિત્ર સપનાંનો?

પહેલું સપનું વાગોળવા લાગી.

એક સિંહ એક સિંહણ પર હૂમલો કરવા ત્રાડ પાડી આવી રહ્યો હતો. એ સિંહને એણે ચાર દિવસ અગાઉ તો જોયેલો. એટલે બી ગઇ નહિ. એક ખૂણામાં એક મોટો પથ્થર જોતાં એને આડો ફેંક્યો. એ સાથે મોટેથી ગર્જના કરી. સિંહ અણધારી આફતથી ડરી ગયો અને ઊભી પૂંછડીએ જંગલ ભણી ભાગતાં કંઇક આવું બબડેલો, "આજ નહિ તો કાલ તને મેળવ્યા વિના નહિ છોડું!"

અને કેલીને વિચાર આવ્યો કે એ સિંહ સિંહણનો સાથી નહોતો પણ સિંહ જેવો ભૂખ્યો લંપટતો કોઇ નહીં હોય?

એ ભૂલવા મથતી હતી ત્યાં બીજા સપનાએ એને ઘેરી લીધી.

એક વાંદરો સામેનાં ઝાડ પર કેળાં ખાતી વાંદરીને જોઇ ઝાડ નીચે પડેલા એક ટોપલામાંથી એક કેળું ઉપાડી એની પાસે દોડી ગયો. એની નજીક સરકી એના બરડે વહાલથી હાથ ફેરવવા લાગ્યો. વાંદરીને એ ઉષ્માભર્યું વર્તન ગમ્યું. પોતાનો આનંદ વ્યક્ત કરતાં એના ગાલ પર ઉષ્માભર્યો હાથ ફેરવવા લાગી. અંતરનો ઊભરો વધી જતાં એણે એનાં બેઉ હાથ એની આસપાસ વીંટાળી અને બે બાહુ વચ્ચે જકડી લીધો. વાંદરો ખુશખુશાલ થઇ ગયો અને એને પોતાનું કેળું આપી દીધું. મહિનાઓથી ભૂખી હોય એમ એનો આસ્વાદ માણવા લાગી. વાંદરો પણ અકથ્ય આનંદ સાથે સંગની મજા અનુભવી રહ્યો. બીજી વાંદરીને એની બાજુ આવતી જોતાં એને છોડી એ હરખાઇને એની પાસે દોડી ગયો.

કેલીને વિચાર કરતી કરી દીધી કે એ બંનેનાં મનમાં શું હતું. વધુ વિચારે એ પહેલાં એ સપનુંય સરકી ગયું. એણે ફરી સૂવા પ્રયત્ન કર્યો. ભર નિદ્રામાં પહોંચી તો ત્રીજું સપનું આવ્યું.

એ સેન્ટર આઇલેન્ડ પહોંચી પોપકોર્ન લઇ એક વિશાળ વૃક્ષ નીચે એક બેન્ચ પર બેઠી છે. છે એ વૃક્ષ પર બે કબૂતરો ગેલમાં આવી એકબીજાની ચાંચમાં ચાંચ ભરાવી પરસ્પર પ્રેમ કરતાં હતા.

પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચતાં આસપાસ નજર કરી એકાંત શોધી રહ્યાં છે. એક બાજુ શાંતિભર્યું વાતાવરણ દેખાતાં બંનેએ જગા બદલી બંનેને મેલ ફિમેલ હોવાની ખાતરી થતાં પરસ્પરની સોડમાં એકમેક થઇ ગયાં. શરીર ડોલે એમ મન ડોલવા લાગ્યાં. બેમાંથી એકેને જુદા નહોતું પડવું. બંને અવારનવાર કેલી સામે એને નહીં એના પોપકોર્નને જોઇ રહેતાં. એમને એ ઝાડ પરના એક ફળને નીચે નાખ્યું. એ ફળ શેનું છે એની તપાસ કરવા કેલી એ ફળ લેવા દોડી. ફળ લઇ પાછી ફરી તો પોપકોર્ન સાથે સપનું પણ અદૃશ્ય થઇ ગયેલ.

એ જ વખતે કેલીની મમ્મી લીસા સામે દેખાઇ. એ બોલી, "એ ફળ ચાખવા હજુ તું નાની છે. સાચા સંગનો સ્વાદ કેવો મીઠો અને મધુર હોય છે તે તો તને પરણ્યા પછી સમજાશે. તારા ડેરી મને પ્રેમ આપી શકતા, પણ સ્ત્રીની ઝંખના પ્રેમથી વિશેષ હોય છે. તારા ડેડી લગ્ન કર્યાં પછી પ્રેમ અને સંગનું સુખ આપતાં. તે સંગનું સુખ તારા જન્મ પછી અલોપ થઇ ગયું. પૈસા કમાવાની લાયમાં સ્ત્રીની એ ઝંખના ભૂલતા ગયા. તારા ડેડી પાસેથી પ્રેમ તો મને બહુ મળ્યો હતો પણ રોબર્ટ પાસેથી મારી ઝંખનાની તૃપ્તિનું સુખ મળ્યું છે એટલે જ તારા ડેડીનો સંગ છોડી રોબર્ટનો સંગ ગમ્યો છે, ખૂબ જ ગમ્યો છે!"

"પણ મમ્મી તને નથી લાગતું કે પ્રેમનો સંગ જ સાચો સંગ છે...!"

એવો જવાબ આપ્યા વિના લીસા અલોપ થઇ ગઇ - એનું સપનું પણ સરકી ગયું હતું.

એક પછી એક વિચિત્ર સપનાંઓથી કંટાળી એ બેઠી થઇ. સામે લટકતી ઘડિયાળ સામે નજર પડી. છ વાગી ગયા હતા. કોલેજમાં સાત વાગે પહોંચવાનું હતું. એ સફાળી બેઠી થઇ. જલદી સ્નાનાદિ પતાવી બ્રેકફાસ્ટ માટે નીચે પહોંચી. ડેડીએ કોફી ને ટોસ્ટ બનાવી રાખ્યાં હતા. એ ડાઇનિંગ ટેબલ પર ગઇ. એના ડેડી એની રાહ જોતા હતા.

"ગુડ મોર્નિંગ બેટા!"

"ગુડ મોર્નિંગ ડેડ," કહી એમની સામે બેસી ઉમેર્યું, "ડેડ આજ મને બેચાર વિચિત્ર સપનાં આવેલાં."

"ફરગેટ ઇટ! સપનાં એ મનની અધૂરપને કારણે આવતાં હોય છે. એને ભૂલી જવાં જોઇએ. સારૂં, હવે નાસ્તો કરી લે કોલેજનું મોડું થશે!"

કેલી જાઇ ગઇ કે ડેડીએ વાત ટાળી હતી. સાત વર્ષથી એની કોઇ વાત ટાળતાં હતા. સાત વર્ષ પહેલાં એની મમ્મી ડેડીનો સાથ છોડી એનાં બોસ સાથે ચાલી ગઇ. આગળ કંઇ નહીં બોલવામાં ડહાપણ માન્યું, 'કબૂતરી અને વાંદરી પણ સંગનો આનંદ માણી બીજે ચાલ્યાં ગયાં હશે? એ તો પશુપક્ષીઓમાં સામાન્ય છે પણ માનવી...?'

"શા વિચારમાં પડી ગઇ છે બેટાં?"

ડેડીનો સવાલ ટાળ્યો પણ છેલ્લા સપનાની યાદ સાથે સામેનાં કેલેન્ડર પર નજર પડી. આજે "મધર્સ ડે" હતો. એ પાછી એની બેડરૂમમાં દોડી ગઇ. માના ફોટા સામે ઊભી રહી વંદન કરી બોલી, "મા, તને મારા લાખ લાખ વંદન. ડેડી મારી બહુ કાળજી લે છે. પણ મા તે મા! તારી બહુ ખોટ ચાલે છે. મને અને ડેડીને. એક દિવસ મારે પણ આ ઘર છોડીને જવાનું થશે ત્યારે ડેડીને કેર લેનાર કોણ હશે? તું એમને એકલા મૂકીને શા માટે ક્યાં ચાલી ગઇ?"

અને આંખોમાંથી બોર બોર જેવડાં આંસુ ટપકી પડ્યાં.

એના ડેડી એની પાછળ પાછળ આવી ઊભા હતા. ઝડપથી એનાં આંસુ લૂછી એ બોલ્યાં, "બેટા ક્ષણિક આનંદ માટે સાચો પ્રેમ ભુલાઇ અવગણાય છે. પ્રેમ અને સાચો સંગ શું છે એ મારે તને શિખવડાવાનું ના હોય! તું બહુ સમજણી થતી જાય છે. તારી મમ્મી પણ એક દિવસ સાચા પ્રેમને સમજશે અને પસ્તાઇને સાચા પ્રેમને પામવા પાછી આવી જશે."

"તો તમે એને સ્વીકારશો?"

"તારે કારણે છૂટકો જ નથી."

"મારે કારણે?"

"હા, હજુય તું માનો પ્રેમ ઝંખે છે ને? એમ હું પણ એનાં પ્રેમ સાથે એનો સંઘ ઝંખું છે..."

એ જ વખતે ડોર બેલ વાગ્યો.

હેરી દોડી ગયો. ડોર ખોલતાં સામે હતાશ દશામાં લીસા ઊભી હતી. એણે સવાલ કર્યો, "ડિઅર, ઘરમાં આવી શકું?"

લીશાના હતાશ ચહેરાને પારખી જતાં એને સસ્મિત આવકારતાં હેરી બોલ્યો, "કેમ નહી? સમયસર આવ્યાં છો. પતિની અને દીકરીની મહેચ્છા પાર પાડી શકશો ને?"

"શી મહેચ્છા છે?"

"પ્રેમભર્યા સાથની! હા, પણ તમારી ઝંખના તૃપ્ત થતાં કાયમ માટે કે મધર્સ ડે હોઇ કેલીને મળવા આવી છે?"

"ડેડી, શેની ઝંખનાની વાત કરો છો?"

"બેટા, તને હજુ નહિ સમજાય. ધીરે ધીરે ઉંમર સાથે એ પણ સમજાશે. એ શીખવવાની કોઇ સ્કૂલ કે કોલેજ નથી હોતી. તારી મમ્મીને વંદન કરી આવકારી કોલેજ જા. મોડું થઇ રહ્યું છે ને?"

"વર્ષોની અતૃપ્ત ઝંખના સંતોષવાની ઉતાવળ છે એમ કેમ કહેતા નથી?"

"બેટા, તું હવે બહુ હોંશિયાર બનતી જતી લાગે છે. તને જલ્દી પરણાવી દેવી પડશે."

"સાત વર્ષમાં મારી દીકરી એક બાળા મટી સમજદાર અબળા બની છે. તને હોંશિયાર જોઇ મારી આંખ ઠરે છે. પણ તને પરણાવવાની ઉતાવળ નહિ કરીએ. આ મા તને સાચા પ્રેમ અને સાચા સંઘના પાઠ ભણાવી એક આદર્શ પત્ની બનાવવાની છે. પરણાવવાની શી ઉતાવળ છે?" કહેતા દીકરીને ભેટી વહાલનો દરિયો ઉલેચતી રહી.

"હા, હવે હું તમને મારી મમ્મીનો રંગભર્યો સંગ મળી રહે એ માટે વચ્ચે આડખીલી નહિ બનું. લો આ ચાલી." કહેતાં કેલી કોલેજ જવા નીકળી પડી.

એ જતાં હેરી કેલીના શબ્દોને સમજવા પ્રયાસ કરતો લીસાને ભેટી હરખભેર આવકારી પ્રેમસાગરમાં ડૂબવા લાગ્યો.

પત્રાત્મક શૈલીમાં આલેખાયેલી રચનારીતિનાં નવલા પ્રયોગ સમી અમંગળ જિંદગીની મંગળ કથા

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

ગુજરાતી નવલકથામાં ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતી ચંદ્ર' જેવી વિશાળ ફલક પર અને બૃહદ સ્વરૂપની કૃતિ ભલે આજ સુધી રચાઇ ન હોય પરંતુ વિષય વૈવિધ્ય અને રચના રીતિનાં અનેક નવા પ્રયોગો થતા રહ્યા છે. જેણે આધુનિક ગુજરાતી નવલકથા ને ગૌરવ બક્ષ્યું છે. આવી જ એક નવલકથાની વાત આજે મારે તમને કરવી છે.

જિંદગીને હોળાષ્ટકના અપશુકનમય અરીસામાં ઓળખવાનો વિશિષ્ટ કથા પ્રયોગ લઇને આવતી ડો. કેશુભાઇ દેસાઇની નવલકથા 'હોળાષ્ટક' વ્યથાને કથાના માધ્યમથી ગાવાનો એક પોતીકો પ્રયોગ છે. તેમ લેખક ખુદ કહે છે. એ રીતે આ નવલકથા ગદ્યમાં લખાયેલી કારૂણિકા અનાયાસ ટેરવે સ્ફૂરેલી - બલકે હૈયામાંથી ઝરેલી શાપકથા છે. લેખકે વર્ષો પહેલાં વાંચેલી 'હંચ બેક ઓફ નોત્રદામ' જેવાં પાત્રોની વ્યથા હૈયે એવી તો પ્રવેશી કે એ પોતીકી લાગી અને એનું કથાત્મક, કલાત્મક આલેખન કરવા એ મજબૂર બન્યાં.

વર્ષો પહેલાં લગભગ ૧૯૮૬માં દક્ષેશ ઠાકરની નવલકથા 'તડપ' પત્રાત્મક શૈલીમાં આલેખાયેલી તે પછી રચનારીતિના એક નવા પ્રયોગમાં કેશુભાઇની આકૃતિ જોવા મળી તેનો વિશિષ્ટ આનંદ છે. કારણ કે કૃતિમાં તેઓ તેને ખુબ સફળતાપૂર્વક અજમાવી શક્યા છે. હોળાષ્ટકના આઠ દિવસ તથા નવમા પૂર્ણાહૂતિના દિવસે લેખક પોતાની પ્રિયતમાને રોજ એક પત્ર પાઠવે છે. જેમાં તેઓ એને એક કરૂણ દાસ્તાન સંભળાવે છે. આ દાસ્તાન એક એવા 'માણસ'ની છે કે જેને માણસ કહી શકાય કે કેમ એય એક અચળ ઉલઝન છે. આ નાયકને માત્ર માનવ શરીર છે. આત્માય વિવાદનો વિષય ગણાય... એ આ પૃથ્વી પર ક્યારે, કોને પેટે અવતર્યો એનો હિસાબ કોઇનીયે જાણમાં નથી. એ માત્ર ગાંડો હોત, તોય સામાન્ય લેખાત, પરંતુ નાયક ગાંડો કે ચક્રમ નથી. કેવળ એક વિરલ વા-નર છે. આ માણસને નાયક બનાવી એની કરૂણ કથની નવ પત્રો રૂપે લેખક પોતાની પ્રિયા સમક્ષ પ્રસ્તુત કરે છે. જે એક સરસ, વિરલ, વિશિષ્ટ નવલકથા રૂપે વાચકો સમક્ષ પ્રસ્તુત થઇ છે.



નવલકથાનું કથાવસ્તુ અસામાન્ય, તીવ્ર કુતૂહલ પ્રેરક અને વિસ્મયકારક છે. સાબરકાંઠાના અંતરિયાળ પ્રદેશની રજવાડાં એટલે કે ઠકરાતોની આ વિલક્ષણ કથા છે. જેમાં એક ઠકરાતના દરબાર ને જંગલમાં શિકારે ગયા હોય છે. જેને માનવવાણીમાં બોલતાં શુધ્ધાં નથી આવડતું એવો એક 'ગાંડિયો' માણસ આ હોળાષ્ટકનો નાયક છે. બસો પાનાં સુધી, વિવિધ પ્રસંગો દ્વારા, સતત, ઉત્સુકતા કુતૂહલ અને રસાસ્વાદ પૂર્વક વિસ્તરતી આ કથામાં એક પણ ખલ પાત્ર નથી. સારા, માઠા, સુખદ, કરૂણ, કટોકટીભર્યા, જીવ સટોસટના, મંગળ, નાજૂક, હૃદયસ્પર્શી, હૃદયવેધક, નાટ્યાત્મક પ્રસંગો એક પછી એક પ્રગટતા રહે છે.

આ નવલકથા વર્ષો પહેલાં લખાઇ ત્યારે હોળાષ્ટક ચાલતાં હતા. લખાઇ રહ્યા પછી પાંચેક વરસ પડી રહી અને પછી હોળાષ્ટકમાં જ છપાઇ. બે દાયકા બાદ તેનું પુનઃમુદ્રણ થયું ત્યારે યોગાનુયોગ હોળાષ્ટક ચાલી રહ્યાં હતા. અને આજે તેની સમીક્ષા તમારી સમક્ષ પ્રસ્તુત કરૂં છું. ત્યારે પણ હોળાષ્ટક ચાલે છે. લેખકને મન મૂળે આ નવલકથા નથી પણ લાંબા પટમાં પથરાયેલો પ્રેમપત્ર છે. પ્રેયસી એમ માની બેઠી છે કે પોતે દુનિયાની સૌથી દુખિયારી, સૌથી અભાગણી વ્યક્તિ છે. પ્રેમી બહુશ્રુત વિદ્વાન છે. એનેય બે પ્રેમીઓની વચ્ચે અભેદ્ય દિવાલ થઇને ઉભેલા, બલકે 'આડા ફાટેલા' સમાજ સામે ઓછી ફરિયાદો નથી. પરંતુ પેલી કુમળી કળીને એની હતાશામાંથી બહાર આણવા, એ સમાજ વિરૂધ્ધ જંગે ચડવા કરતાં જરા નોખી ભાતની એવી સાઇકોથેરાપી કારગત નિવડશે એમ સમજી એ આખા હોળાષ્ટકના પટ પર પથરાયેલાં લાંબો પત્ર લખે છે. પત્રમાં એ પોતે જોયેલો કમનસીબ મનેખની વાત માંડે છે. જન્મ્યા પછી તરત તરછોડાયેલા અને જંગલી પ્રાણીઓ વચ્ચે ઉછરેલા એ અર્ધમાનવ પ્રત્યે દરબારગઢના ઓઝલ પડદે જીવતાં ખાનદાન ખોરડાંના વહુજીને અપાર મમત્વ છે. 'બાદશાહ' અને 'ગાંડા બાપુ' જેવા નામે ઓળખાતા કથા નાયકની કમનસીબી વહુજીના સુંવાળપ ભર્યા સંવેદનશીલ હૈયામાં અણધાર્યો વમળ સર્જે છે. આ બે જીવો એક મેક પ્રત્યે જે ભારે ખેંચતાણ અનુભવે છે. પરસ્પર માટે જીવ આપી દેવા સુધીની કશમકશ ચાલે છે અને છતાં નિયતિ એમને છેટાંને છેટા રાખ્યા કરે છે. એવી કારમી કમનસીબીની આ વાર્તા છે.

પ્રસંગોની વેગીલી હારમાળા એકધારા રસ-કુતૂહલથી લેખક સહજતા તથા અનાયાસતા પૂર્વક સરકાવતા રહે છે. એથી કૃતિ ક્યાંક શિથિલ પડતી નથી. મર્મસ્પર્શી તથા દિલધડક ઉભય પ્રકારના પ્રસંગો આ નવલમાં એક પછી એક સ્વાભાવિક ક્રમે પ્રગટતા રહે છે. જે ભાવકને જકડી રાખે છે. તેથી જ રમણલાલ પાઠક 'વાચસ્પતિ' તેમનાં વિવેચન ગ્રંથનાં આસ્વાદાત્મક અધ્યયન લેખમાં સાચું જ કહે છે કે 'શિષ્ટ ભાષામાં સ્વચ્છ સુંદર શૈલી કથાની પેલી કાંજણ નદીની જેમ પ્રસન્ન મધુર ખળખળ વહ્યા કરે છે.'

ગુજરાતી ભાષાનું અદ્ધક ઐશ્વર્ય ધરાવતા ડો. કેશુભાઇ દેસાઇની નવલકથાઓ, વાર્તા સંગ્રહો, રેખાચિત્રો, સ્મૃતિ કથા, નાટક, નિબંધ સંગ્રહ, આસ્વાદ, અનુવાદનાં સેંકડો પુસ્તકો પ્રગટ થયાં છે. તેમ જ હિંદી, તામિલ અને અન્ય ભાષાઓમાં તેનાં અનુવાદો પણ થયા છે. હોળાષ્ટક નવલકથાનો હિંદી અનુવાદ ભારતીય જ્ઞાનપીઠ દ્વારા પ્રગટ થયો છે. ડિવાઇન પબ્લિકેશન્સ દ્વારા પ્રકાશિત લેખકની આ યશોદાયી નવલકથા દરેકે વાંચવા જેવી છે હોં!

હોળાષ્ટક (નવલકથા)
લેખક : ડો. કેશુભાઇ દેસાઇ
પ્રકાશક : ડિવાઇન પબ્લિકેશન, ૬૯૮, કોઠારી પોળ, ગાંધી રોડ, અમદાવાદ.
સંપર્ક : ૯૪૨૭૦૧૨૮૯૫, કિંમત : રૂા. ૧૦૦/-

બાળકોને માતૃભાષાના માધ્યમમાં રાખવાં હોય અને માતૃભાષાને બચાવવી હોય, તો માતૃભાષાના માધ્યમની શાળાઓને સમર્થ અને સાચી શિક્ષણ સંસ્થાઓ બનાવવી પડશે

હું રસ્તે રઝળતી વારતા
- અચના પટેલ

આપણો દેશ ભારત ઘણો વિશાળ છે. એની વસ્તી ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૧૨૧ કરોડ જેટલી છે. પ્રતિ વર્ષ એમાં એકાદ કરોડ ઉપરાંતનો વધારો થઇ રહ્યો છે. આટલી વિરાટ વસ્તી વિશે જુદા જુદા દૃષ્ટિકોણથી વાત થઇ શકે. કેટલાક દૃષ્ટિકોણ મુખ્યત્વે સ્ત્રીઓનાં હોઇ શકે. નર સંખ્યા સામે નારી સંખ્યા, નારી સ્વાસ્થ્ય, નારી દ્વારા સંતાનજન્મ, નારીનું શિક્ષણ, તેનું સશક્તિકરણ વગેરે. નારી સમૂહને સ્પર્શતી, ખૂબ નિકટની સ્પર્શતી કેટલીક બાબતો બાળકોને લગતી છે. બાળકોનું સ્વાસ્થ્ય, શિક્ષણ, ભાવિ કારકિર્દી, એમનું સામાજિક જીવન, વગેરે અસંખ્ય બાબતો સ્ત્રી ચિંતિત હોય છે.

એક વિગત અમે આ અઠવાડિયે વાંચી. દેશની તમામ માતાઓ પોતાના સંતાન ભણે એમ ઇચ્છે છે, પરંતુ હવે બાળકોને ભણાવવાનું ખૂબ અઘરૂં બનતું જાય છે. દક્ષિણ હિન્દનાં કેટલાંક મહાનગરોમાં વાર્ષિક રૂપિયા બેથી આઠ લાખ સુધીની ફી લેનાર શાળાઓ છે! એમાં કોણ ભણી શકે? જેઓ વગર મહેનતની કરોડોની કમાણી કરતા હોય તો આ લાખો રૂપિયાની ફી લઇને કહેવાતું શિક્ષણ આપનાર શાળાઓની વાત આપણે જાણીએ છીએ.

કેટલીક માતાઓ માને છે કે શાળા જેમ વધારે ફી લે તેમ વિદ્યાર્થી માટે સારી. એટલે કે બાળકો ત્યાં ભણીને 'સ્કોલર' બની જાય! વાસ્તવમાં, આવી શાળાઓમાં દેખાડો જ વધારે હોય છે. ભણતર ખૂબ ઓછું હોય છે. એ જો પૂર્વ પ્રાથમિક કે સેલ્ફ ફાઇનાન્સડ હોય તો શિક્ષકો તદ્દન સસ્તા હોય છે, કે જેમને નથી તો અધ્યાપન પધ્ધતિનું જ્ઞાન હોતું કે નથી વિદ્યાર્થી - વત્સલતા પણ હોતી પરિણામે અહીં આવતા બાળકો, જે બધાં કરોડપતિઓનાં હોય છે, કશા માનવીય સંસ્કારો પાળતાં જ નથી. ઘણીવાર તો ભણતરમાંય સાવ કાચાં રહે છે. અમારા વિસ્તારમાં શાક, ફ્રૂટ, પ્રોવિઝન્સ વગેરેનો વેપાર કરનાર એક દંપતીએ પોતાના બે બાળકોને પ્રતિવર્ષ સવા લાખ રૂપિયા જેવી ફી વસૂલતી શાળામાં મૂક્યા હતા. છોકરાઓનાં નાસ્તા, ભોજન, પાઠ્ય સામગ્રી વગેરે બધું શાળા આપતી. મહિના દીઠ દસ-બાર હજાર રૂપિયા મેળવતી શાળા આટલું તો કરે ને! બાળકોમાં માતા-પિતા નિરાંત અનુભવતા કે અઠવાડિયાના છ દિવસ છોકરાં સવારથી સાંજ સુધી ભણે છે. પણ પાઘડીનો વળ વર્ષ આખરે આવ્યો. બંને છોકરાં 'ફુલ્લી નાપાસ'નું પરિણામ લઇને ઘરે આવ્યાં!

દેશમાં કોણ જાણે શો મોહ પ્રસર્યો છે કે, 'સ્માર્ટ' ગણવેશની ફરજ પાડતી અને અંગ્રેજી માધ્યમનો દાવો કરતી શાળાઓ ભણી મહાપ્રવાહ વહી રહ્યો છે. જે બાળકની માતૃભાષા કે ઘરનાં વ્યવહારની ભાષા અંગ્રેજી નથી એવાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં મૂકવા એ મૂર્ખતા જ નથી, બાળકો સામેની દુશ્મની પણ છે. આ કહેવાતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સંપૂર્ણ અંગ્રેજી માધ્યમ હોતું જ નથી. કારણ કે લગભગ તમામ વિદ્યાર્થીઓ ગુજરાતી માતૃભાષાવાળાં હોય છે. અને એમનાં શિક્ષક-શિક્ષિકા પણ પૂરૂં અંગ્રેજી ભાગ્યે જ જાણે છે. પરિણામે, અંગ્રેજી માધ્યમથી અંગ્રેજી ભાષા પર જે પ્રભુત્વ આવે એની જ તો અહીં આશા જ નહી રાખવાની.

પરંતુ તેમની માતૃભાષા અંગ્રેજી નથી એવાં બાળકોને અંગ્રેજીમાં ભણાવવામાં સૌથી ભયંકર જુલમ તો એ બાળકો પર થાય છે એણે અંગ્રેજી શબ્દો, વાક્યો, માહિતી વગેરેનો પ્રથમ પોતાના મસ્તકમાં અનુવાદ કરવો પડે છે. ત્યારે એ સમજાય છે. જેની માતૃભાષા ગુજરાતી છે એને ગાય કે ઘોડા શબ્દો અપાય ત્યારે આપમેળે અર્થ સમજાય છે. એને કાઉ અને હોર્સ શબ્દો અપાય ત્યારે પ્રથમ તો મનોમન એ શબ્દો અનુવાદ કરવો પડે છે. આ તો એક સારૂં ઉદાહરણ થયું. વાસ્તવમાં, ગણિત, કાવ્ય, નાગરિકતા વગેરે તમામ વિષયોમાં ટીચર જે જણાવે તેનો સતત અનુવાદ કરતાં રહેવું પડે છે.

એક ગૌણ મુદ્દો એ પણ છે અંગ્રેજી માધ્યમ માટેનાં પાઠ્ય પુસ્તકો સાધારણ રીતે બ્રિટીશ પાઠ્ય પુસ્તકોને આધારે તૈયાર થાય છે. એથી સાવ નાનાં ટાબરિયાએ એવાં ફૂલ, ફળ, પ્રાણીઓ વગેરેને ઓળખવા પડે છે, જે આપણા પર્યાવરણમાંથી નથી. ફૂલોમાં ડેળોફિલ કે વૃક્ષોમાં ઓડ કે પ્રાણીઓમાં રેઇન્ડિયર વગેરે આપણાં બાળકોની જ્ઞાનસૃષ્ટિમાં છે જ નહીં. અરે, આઝાદી પછી સાતમા દાયકામાં આજે પણ અંગ્રેજી મૂળાક્ષરોની પોથીમાં ક્વિન અને કિંગના પહેરવેશ કે તાજ પશ્ચિમી ઇતિહાસ મુજબનાં હોય અને જોડકણાં યાને રાયમ્સ? લગભગ તમામ રાયમ્સ જે આપણાં બચ્ચાઓને ગોખાવવામાં આવે છે તે એ બાળકો જ્યાં રહે છે તે પર્યાવરણનાં નથી.

આ યાદી ઘણી લાંબી થઇ શકે. મુદ્દો એ છે કે જેમની માતૃભાષા ગુજરાતી કે હિન્દી કે ઉર્દૂ વગેરે હોય એમને અંગ્રેજી માધ્યમમાં ભણવા મૂકવાં એ અકુદરતી ક્રિયા છે. મોટા ભાગનાં પ્રિન્સીપાલો, સચિવો, ન્યાયમૂર્તિઓ, ડોકટરો થયા તે મ્યુનિસિપલ સ્કૂલોમાં ભણ્યા હતા. કારણ એ છે કે તે વખતનાં શિક્ષકો, આચાર્યો અને ખુદ શિક્ષણતંત્ર આજે આશ્ચર્યજનક લાગે એ હદે શિક્ષણ સમર્પિત અને બાળવત્સલ હતાં, આજે આ તમામ અર્ધસરકારી શિક્ષણ સંસ્તાઓમાં ભરતી પ્રક્રિયા ખરાબ સ્થિતિ સર્જાઇ છે.

સૌથી વધુ ચિંતાજનક એ છે કે શિક્ષણના તંત્રનું જેમણે સંચાલન કરવાનું છે તે પણ ધીમી ગતિએ કામ કરે છે.

આ બધી પરિસ્થિતિ પણ માતાઓને ડરાવે છે. તેઓ પોતાના બચ્ચાંઓને આ રેઢિયાળ 'દેશી' શાળાઓમાં મૂકતા ડરે છે. માતા પોતાના સંતાનનું સમૃધ્ધ ભવિષ